<u>આંક–૫ ની અરજી તળે હુકમ</u>

આ કામે વાદી તરફે હાલનો દાવો લાવી પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમનો, જાહેરાતનો તથા વડીલોપાર્જીત મિલ્કતની વહેંચણીનો દાવો દાખલ કરેલ છે અને તે સંદર્ભે હાલની આંક–૫ ની અરજી રજુ કરી હંગામી મનાઈ હુકમ ફરમાવવા બાબતની અરજી કરેલ છે અને તેમાં દાદ માંગેલ છે કે, મોજે બસુ, તા.વડગામની સીમના બિનખેતી સ.નં. ૧ ૦૩૨ ૧૦૩૩ પૈકી પ્લોટ નં. ૩ થી ૫ ના તેઓની દાવા અરજીના પેરા–૫ માં જણાવેલ માપ તથા ચર્તુસીમાવાળા દાવાવાળા પ્લોટો પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો, ચાકરો, એજન્ટો કે એસાઈનીઓ મારફત કોઈને વેચાણ, બક્ષિસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરે–કરાવે નહી કે તેમાં કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ આ દાવના આખરી નિકાલ થતાં સુધી હંગામી મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

આ કામે રજુ થયેલ દાવાની અરજીની હકીકત જોતાં તેમજ આ કામે આંક–૫ ઉપર પ્રતિવાદીઓ તરફેના વિ.વકીલશ્રી દવારા શેરો કરી એવી હકીકત જણાવેલ છે કે દાવાવાળી મિલ્કતની દાવાના આખરી નિકાલ સુધી યથાવત પરિસ્થિતી જાળવી રાખીશુ તેવી બાંહેધરી આપતા હોય,તે હકીકત ધ્યાને લેતાં દાવાના આખરી નિકાલ ના થાય ત્યાં સુધી યથાવત પરિસ્થિતી જાવળી રાખવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાતો હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>–:– હુ ક મ –:–</u>

(૧) વાદીની હાલની આંક–૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામે પ્રતિવાદીઓને એવું ઠરાવવામાં આવે છે કે,મોજે બસુ, તા.વડગામની સીમના બિનખેતી સ.નં.૧૦૩૨ ૧૦૩૩ પૈકી પ્લોટ નં.૩ થી ૫ ના તેઓની દાવા અરજીના પેરા–૫ માં જણાવેલ માપ તથા ચર્તુસીમાવાળા દાવાવાળા પ્લોટો પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો, ચાકરો, એજન્ટો કે એસાઈનીઓ મારફત કોઈને વેચાણ, બક્ષિસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરે–કરાવે નહી કે તેમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો

નહી.

(૩) ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજ તા.૩૦મી, માહે નવેમ્બર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૧૧/૨૦૨૩.

વડગામ.

(ઋષિકેશસિહ એચ. ચૌહાણ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ્ર્સ્ટ કલાસ,
વડગામ
યુનિક કોડ નં.જીજે૦૧૬૧૨